## નં. ૫૪ પર પુરુષ ગમનનું ફળ

જઈ નરકમાં નિકલી, બાંધ્યા તેના પાય
પરમાધામીઓ પટકતા, ખીલા ભોકયા માંય.
ઉંધી રાખી મારતા, છેદન ભેદન થાય.
સહન કરાવ્યું આકરૂં; લાગી ફરતી લાય.

ઉંધા કરી હાથ બાંધી, કરવત ઉપર માથું મુકી અને શકિત શસ્ત્રવડે પરમાધામીઓ પર પુરુષ ગમન કરનારીને વિડંબના પૂર્વક પ્રતાડના કરે છે, મારે છે. ધમકાવે છે. અને ઘણી રીબાવે છે, તે વખતે તે 'દુઃખ' ત્યાં સહન નથી થતું

પણ....કૃત કર્મો છુટવાના નથી તે તો ભોગવવા જ પડશે તે અસહાય, નિરાધાર સ્વકૃત્યોનું ફળ ભોગવે છે.

વારમણું તં મુત્તા, વંતા ચત્તાય ધીરપુરિસેહિં
તે ભોગા પુણુ ઈચ્છઈ, ભોતું તિણ્હાઉલો જીવો;

ધીર આત્માઓએ અનંતીવાર ભોગવેલા, વમન કરેલા અને ત્યજેલા ભોગોને તૃષ્ણાથી આકુળવ્યાકુળ થયેલો જીવ વારંવાર ભોગવવાને ઈચ્છે છે.

—શ્રી ઉપદેશ પ્રાસા

ધિગત્થુ તે જસોકામી, જો તં જીવીય કારણા
વંતં ઈચ્છસિ આવેઉં, સેયંતે મરણું ભવે ।।

—શ્રી દશવૈકાલિક સૂ

જેઓ વમેલા ભોગને ભોગવવાની ઈચ્છા કરે છે, તેઓને ધિક્કાર છે; એવા જીવનથી તો મરી જવું શ્રેષ્ઠતમ છે. જે સ્ત્રી સ્વપુરુષ સંતોષથી વિચલિત થાય તે અધોગતિનાં દુઃખો પામે છે.



## નં. ૫૫ છેડતી કરનાર

મારગ ચાલતી નારને, કરતાં છેડા છેડ.
ચમક ચમકાવી આંખડી, કાકરી મારે કેડ
કામી થઈને છેડતો, મીઠી બોલી માંય,
રસ આનંદે માણતો, રૂપવતી જો આય,

નાની હોય અથવા મોટી સ્વસ્ત્રી સિવાય બધી મા ...ન સમાન હોય છે પણ અજ્ઞાની જીવો આવતી જતી ...નોની જે છેડતી કરે છે તેઓ અધોગતિ પામે છે. ...ર ખાધે વગર ભોગવે કર્મ બન્ધન કરે છે.

વિણુ ખાધા વિણુ ભોગવ્યાંજી
ફોગટ કર્મ બંધાય.
આર્તધ્યાન મિટે નહીજી
કીજે કવણ ઉપાય હો જીનજી મુજ પાપીને તાર

## માર ખાધી

...ગડેલ છોકરો નામ ભોગીલાલ, બા બાપુજી ઘણી શિક્ષા ...પે છે પણ એ ભોગીલાલને એક પણ શિખામણ ગળે ન ... જેમ જેમ મોટો થયો તેમ તેમ ખોટી આદતો વધતી ...ગામની ખાલ(ગટર) ઉપર બેસી આવતી જતી બ્હેનોની ...ી કરે સ્કૂલ અને પર્વોના દિવસોમાં વિશેષ છેડતી કરે.

આજે મેળો ભરાયો છે. ઘણા માણસો જોવા આવ્યાં. ...ીલાલ પણ બેઠો બેઠો ભેળપુરી ખાય છે. તેણે આવતી ... બ્હેનની છેડતી કરી કે તરત જ પોલીસે પકડયો, અને ... માર માર્યો અને અન્તે રીબાઈ મરણ પામી દુર્ગતિએ ... મોટા પુરુષોએ પણ મન વચન અને કાયાએ કરી ...ને પાળવું શિયલ પાળનારની સદ્ગતિ થાય છે.

# નં. ૫૬ છેડતા કરવાનું ફળ

જઈ નરકમાં ઉપન્યા, પીવે અગ્નની નાળ.
બાળે ધગતી પુતલી, ફરતી આગની જાળ.
સંતાપ્યો બહુ જીવડો, ઉપર પડયો માર.
પરમાધામી નહી છોડતા, સહન કરાવે અપાર-

ત્યાં નરકવાસમાં લોઢાની તપાવેલી પુતલી અગ્નિ ઉભી કરી તેણીથી આલિંગન કરાવે છે. અને ઉપર પરમાધામીઓ માર મારે છે. અગ્નિમાં પકાવે છે.

ફળ ભોગવ તું કર્મથી, કીધાં કર્મ કઠોર
પરમાધામી સન્મુખે, હવે ન ચાલે જોર,

બન્ને બાજુ પરમાધામીઓ ઉભા છે. અગ્નિમાં નિકળવા દેતા નથી, ત્યાં અનહદ ત્રાસ આપે છે.

પુરઃ પુરઃ સ્ફુરત્ તૃષ્ણાઃ મૃગતૃષ્ણાનુકારિષુ ।
ઇંદ્રિયાર્થેષુ ધાવન્તિ, ત્યકત્વા જ્ઞાનામૃતં જડાઃ ॥
—શ્રી ઉપદેશ પ્ર

જડ પુરૂષો જ્ઞાનરૂપ અમૃતનો ત્યાગ કરીને આ આગળ સ્ફુરાયમાન થતી ભોગ પિપાસા (વિષય તૃ રૂપ મૃગ જલ સમાન રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને લક્ષણ ઇંદ્રિયોના વિષયો તરફ દોડે છે, અને તે ભો આતુર છે. પરસ્ત્રીઓના શરીરનો સંગ કરનાર માણસ દુઃખી થાય છે. માણસ શું તિર્યંચો પણ સ્ત્રીના સ્પ ઇચ્છાથી દુઃખી થાય છે. હાથી હાથણીને જોઈને પાછળ પડે છે. પણ હાથીને પકડનારા રસ્તામાં ખાડો છે. તે હાથી તેમાં પડે છે. ને પરાધીનતાને પ્રાપ્ત થા

વેશ્યાવૃત્તિ અને વેશ્યાગમન કરવાવાળાની ગતિ



# નં. ૫૭ વેશ્યાનો ધંધો

વેશ્યા વિષય વિકારથી. અતિ સેવે અનાચાર
તન આપી ધન હરે. ખોટો બતાવે પ્યાર.
હાવ ભાવ નિત હેતથી ચપલા કરે પ્યાર.
વેશ્યા ધનના લોભમાં; કરતી વિષય વિકાર.

ભૌતિક સુખમાં માનવ-માનવતા ભુલી જાય છે અને ન્દ્રિઓના વિકારોમાં ફસાઈ જાય છે. યુવાની તો દીવાની આ અવસ્થામાં જે જીવો કર્મ બન્ધન કરે છે તે વૃધ્ધાવસ્થા- ાં અને પર ભવમાં ભોગવવાં પડે છે. વેશ્યાવૃત્તિ દેશ, માજ, જાતિ. માનવતા અને આત્માના માટે પણ કલંક રૂપ છે.

## રૂપસેના

જુવાનીના આંગણે આવી અને માદકતાથી ભરેલી રૂપસેના ાવૃત્તિ કરે છે પોતાના સ્વાર્થ માટે પરપુરૂષનું આલિંગન છે.

જોવનીયાની જીન્દગી ચાર દિવસની, તરૂણતા ગઈ અને પણ આવ્યું; સારૂં શરીર વિકૃત થયું; રોગો વધી પડયા ને શરીર જર્જરિતના ઝંઝાવાતમાં ફસાઈ ગયું.

ભોગે રોગ ભયં; [ભર્તૃહરિ]

ભોગમાં રોગનો ભય છે. રૂપસેના અસહ્ય રોગોથી ાઈ અને દુર્મતિવડે દુર્ગતિ પામી. વેશ્યાના સંગમાં ન્નો પણ આ ભવમાં નિર્ધન થઈ દુઃખી થયો હતો જ ચારૂદત્તને પણ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થવું પડયું ું. માટે વિવેકી જીવોએ વેશ્યાના સંગથી દૂર રહેવું.

## નં. ૫૮ વેશ્યાના ધંધાનું ફળ

જઇ નરકમાં નિપજી; વૈતરણીની ધાર.
હાડ માંસને રૂધીર છે. સરિતાનો નહી પાર.
દુર ગંધમાં ડુબી કરી; તેમાં ડબકા ખાય,
સહન કરતાં શ્વાસ ખુટે સડી-સડીને પડી જાય.

આ છે વેશ્યા વૃત્તિનું ફળ—વૈતરણી, જ્યાં રૂધીર, પ
અને દુર્ગંધ પદાર્થોની સરિતા વહે છે. હાડ; માંસ, અ
ખોપરીઓથી પરિપૂર્ણ આવી ભયંકર અસહ્ય વૈતરણીમાં
આત્મા ડબકા ખાય છે. રીબાય છે, પણ નિકળી ન શ
જીવડો ઘણો તરફડે છે. અને કૃત કર્મોનો વિપાક ભોગવે
વિકરાળ વૈતરણીમાં જીવડો ઘણો અકળાય છે. એ દુ
ભોગવતાં કંપી ઉઠે છે.

વિષયાદિ સમાયુકતઃ વેશ્યાવૃત્તિ કરોતિ યઃ ।
સ એવ નિધનં લભતે, નરકદ્વારં ન સંશયઃ ।।
—શ્રી સ્મૃ

વિષય આદિ વિકારોથી યુકત થઇ જે આત્માઓ વેશ્યા
કરે છે, તે દુઃખદાયી નરક દ્વારને પ્રાપ્ત કરે છે. તેમાં
સંશય નથી.

રે ચેતન ! તું ચેતી જા; વિષયમહા દુઃખદાય.
રોગ વધે અને ધન રહે; જીવન સુશિલ ન થાય.

વેશ્યાવૃત્તિ ફળ ઉભય ભવમાં અનર્થકારી છે.
જીવને સીધો વૈતરણીના કાંઠડે લઇ જાય છે.

શ્રીદત્ત કૈવળીની માતા પણ વેશ્યાવૃત્તિથી પોતા
પુત્ર શ્રીદત્ત સાથે વિષયસેવન કરવા તૈયાર થઇ હતી.
વેશ્યાવૃત્તિ વિકારી છે.



## નં. ૫૯ વેશ્યા ગમન

ખોટો વેશ્યા પ્યારમાં; ભુલે ઘરની નાર,
પાગલ થઈ ને માનતા, ઇન્દ્રપુરીનો સાર,
પ્રેમે વિષય આદરે, સુખ જાણી સંસાર
ધનનો ત્યાં હમલો કરે, જરા ન લાગે વાર,

વાદળાના ગોટા જેવો, ઝાકળબિન્દુ સમાન વેશ્યાના
પ્યારમાં પુરૂષ પવિત્ર પત્નીને ત્યજી, મર્યાદાને તિલાંજલી
આપી, પૈસાને પાણીની જેમ રેડી, રાત દિવસ ગલીઓમાં
ભટક્યા કરે છે; તે પાપ તેને નરકમાં તો લઈ જાય છે
અને સંસારમાં પણ માનવતાથી બહિષ્કૃત થાય છે.

## માધવ ભુલ્યો

માધવ સારો માણુસ પણ કુસંગતથી વેશ્યાગમનમાં
...ન થયો, પોતાની સ્વરૂપવાન સુશિલ અને સચ્ચરિત્રી
...ને છોડી ખોટા પ્યારમાં ફસાઈ ગયો.

માધવ ભુલ્યો અને પોતાની સ્ત્રીના બધા આભુષણો
...ને આપી દીધા ઘર બરબાદ થયું. પત્નીને મારપીટ
..., તેથી પત્ની પણ વેદના વેઠી મરણ પામી,

ધન વગરના માધવને ધક્કા મારી વેશ્યાએ બહાર કાઢી
... માધવ હવે પસ્તાય છે પણ અતિભોગના પ્રવાહમાં
... ક્ષીણ થયું. ક્ષયાદિ રોગોવડે પીડાઈ ને મરણ પામ્યો.
...ના વૈરનો અભિલાષી માધવ રૌદ્રધ્યાનથી નરકમાં

# નં. ૬૦ વેશ્યા ગમનનું ફળ

જઇ નરકમાં ઉપન્યો, વતરણીની વાટ,
ડુબકાં ખાધાં અતિ ઘણું, હાડ માંસના ઘાટ,
પર રૂધિરમાં ડુબતો, ત્યાં જીવડો ગભરાય,
રીબાણો અતિ દુખથી, દુર્ગંધીની માંય

વૈતરણીમાં અસહાય જીવડો રડે છે, ત્યાં હાડ
અને ખોપરીઓના સમુહમાં અથડાય છે; ફાંફાં મારે છે;
બહાર નિકળવા પ્રયત્ન કરે છે, પણ જ્યાં સુધી
સ્થિતિ પુરી ન થાય ત્યાં સુધી નિકળી ન શકાય;

યાવત્ કર્માવશેષં ચ, તાવત્ મજ્જંતિ રૌરવે
પ્રાપ્ય વૈતરણીં જીવો વેદયન્તિ ક્ષણે-ક્ષણે

—શ્રી ભવ

નારકીએ બાંધેલા કર્મો જ્યાં સુધી પુરા ન થાય
સુધી આત્માં મહા નરકમાં રહે છે, અને ત્યાં
વૈતરણીના દુઃખે ક્ષણ-ક્ષણમાં વેદના સહન કરે છે;

મન માંહે સ્થિરતા નહી, ડુબે થઈ બેસહાય;
સુશિલ કહે રે આતમા ! આજે કેમ ગભરાય;

:"પરદાર ગમણ વિરઈઓ' પરદારા ગમન કરનાર
આત્માનો પણ વિરાધક છે, માટે સ્વદારા સન્તોષ એટલે
વ્રત પરસ્ત્રી ગમન ન કરવું તે બરાબર ધ્યાનમાં
સદાચારમાં વિચરવું તેથી આ વતરણીની વાટે ન જવું



અણગળ નીર વાપરનાર અને અભક્ષ ખા